***ORDER BELOW EXH-1.***

આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામા આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળ ના તથા નામદાર જીલ્લા અદાલત ના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

સદર કેશનુ રેકર્ડ જોવામા આવે તો કેશ જુનો છે. ગુન્હાના કામે રેકર્ડ જોતા સદર ગુનો સમરી ટ્રાયેબલ ગુનો છે.કેસનુ રોજકામ જોવામા આવેતો આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામા આવેલ છે.પરંતુ આરોપી સામે કાઢવામા આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ નથી કે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરીયાદ પક્ષ આરોપીને હાજર રાખવામા સફળ થયેલ નથી  આરોપીની ગેર હાજરીના કારણે પેન્ડીંગ છે જેથી ન્યાયીક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી આથી આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચીત જણાતુ નથી.

**પી.રામચંદ્ર વિ. કર્ણાટક રાજય – ૨૦૦૨(૨) જી.એલ.આર પાના નં–૧૫૪૯** ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામા માનનિય સાત ન્યાયધીશોની ખંડ પીઠે ઠરાવેલ કે ''The criminal courts should exercise their available powers such as those under Section 309,311,258 of the code of criminal procedure,1973 to effectuate the right to speedy trial" આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં–૨૯૧૭/૨૦૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ મા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા નીચલી અદાલતોને એવી સુચના આપવામા આવેલ છે કે આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદીત તકો આપી યોગ્ય કીસ્સામા સી.આર.પી.સી ૨૫૮ અન્વયે મળેલ સતાનો ઉપયોગ કરે.

આથી,કેસની હકીકતો કેસની ન્યાયીક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમાક્ષ હાજર રાખવામા નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ  તંત્રને આપવો ઉચીત જણાતો ન હોય ,નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદા મા આપેલ ગાઈડલાઈનને ધ્યાને લેતા,અત્રેની અદાલતને કેશની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચીત જણાઈ આવે છે આથી નીચે મુજબ નો આખરી હુકમ કરવામા આવે છે.

**::હુકમ::**

બી.એન. એસ. કલમ–285  મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામા આવે છે.

**હુકમ આજરોજ તા ૧૪/૦૩/૨૦૨૬ ની સ્પેશ્યલ સીટીંગ,લોકઅદાલત મા વાચી સંભળાવી જાહેર કર્યો.**

**તા. ૧૪/૦૩/૨૦૨૬**

**(એન.બી.મુનશી)**
**એડી.ચીફ.જયુડી.મેજી.,**
**ધોળકા**
**કોડ નં.જીજે ૦૦૭૩૫**